# વૈશ્વિક શ્રમ ધોરણો

HUMAN RESOURCES LEGAL & LABOUR RELATIONS DEPARTMENT |
ISSUED: March 1, 2019 – REVISED: February 23, 2022

## પરિચય:

Magna International Inc. ("Magna") આપણા કારોબારી ઉદ્દેશ્યોને ચાલુ રાખવા આપણી સામાજિક જવાબદારીઓને સંતુલિત કરવાના મહત્વને ઓળખે છે. અમે સ્વીકારીએ છીએ કે અમારા કાર્યો શેરધારકો, ગ્રાહકો, કર્મચારીઓ, એ સમુદાયો જેમાં અમે કારોબાર હાથ ધરીએ છીએ, સરકારો અને અન્યો, ખાસ કરીને અમારા પોતાના કર્મચારીઓના વાજબી અને નૈતિક વર્તન સાથે સંબંધિત હોય તેવા લોકો સહિતના, વિવિધ હિતધારકોની અપેક્ષાઓ સાથે સુસંગત હોવા જરૂરી છે.

આ નીતિ વૈશ્વિક સ્તરે તમામ Magna સંચાલક જૂથો, વિભાગો અને અન્ય આનુષંગિક કામગીરીઓને લાગુ થાય છે. આ નીતિ, કર્મચારીઓ, અધિકારીઓ, નિયામકો, સલાહકારો અને એજન્ટો સહિત Magna વતી કાર્ય કરતી બધી વ્યક્તિઓને પણ લાગુ પડે છે.

વ્યક્તિઓ અને અમારા કર્મચારીઓની જરૂરિયાતો માટેનો અમારો આદર Magnaની અનન્ય સંચાલક સંસ્કૃતિમાં પ્રતિબિંબિત થાય છે જેને અમે "પ્રામાણિક ઉદ્યમ" તરીકે ઉલ્લેખ કરીએ છીએ. અમારૂં પ્રમાણિક ઉદ્યમ કારોબાર મોડેલ અમારા કર્મચારીઓમાં Magna કર્મચારીઓના ચાર્ટર, Magnaના સંચાલક સિદ્ધાંતો અને Magna આચાર સંહિતા અને નીતિશાસ્ત્ર જેવી આધારભૂત નીતિઓમાં નિર્ધારિત મૂળભૂત અધિકારો અને જવાબદારીઓ સાથે અમારા કારોબારમાં કર્મચારીઓને મુખ્ય હિતધારકો તરીકે ઓળખે છે.

આ વૈશ્વિક શ્રમ ધોરણો આપેલા માળખા અને દસ્તાવેજોના સામાન્ય સમર્થન તરીકે પણ સેવા આપવાની સાથે અમારી પ્રમાણિક ઉદ્યમ સંસ્કૃતિની વધુ સ્પષ્ટતા કરે છે:

- માનવ અધિકારોની યુએન સાર્વત્રિક ઘોષણા
- આઇએલઓ મૂળભૂત સંમેલનો
- કામ પરના મૂળભૂત સિદ્ધાંતો અને અધિકારો અંગે આઇએલઓ ઘોષણા

અમારી કંપનીનું નીતિ માળખું દેશ / રાજ્યના વિશિષ્ટ કાયદા, તેમજ સ્થાનિક સ્વરૂપના વિવિધ શ્રમ કરારો, ટેરિફ અને કરારજન્ય જવાબદારીઓ સહિત વિવિધ આંતરરાષ્ટ્રિય, રાષ્ટ્રીય અને સ્થાનિક કાયદા હેઠળ સ્થાપિત મૂળભૂત સિદ્ધાંતો પર રચાયેલ છે.

## માનવ અધિકાર:

અમે આંતરરાષ્ટ્રીય માન્યતાવાળા માનવીય અધિકારોના પાલનનું સમર્થન કરીએ છીએ. અમારી નીતિઓ સમાન વ્યવહાર અને વ્યક્તિગત લાક્ષણિકતાઓને ધ્યાન પર લીધા વિના રોજગાર તકો પૂરી પાડવાની આવશ્યકતાનો આદર કરે છે. અમે માનીએ છીએ કે અમારા વૈવિધ્યસભર અને બહુસાંસ્કૃતિક કાર્યસ્થળો એક પ્રતિષ્ઠિત કાર્યકારી વાતાવરણ પૂરૂં પાડે છે જ્યારે અમારા કર્મચારીઓ વ્યક્તિગત અને વ્યવસાયિક વિકાસ માટેની તકોનો આનંદ માણવાની સાથે સલામતી અને સત્કાર અનુભવે છે.

## સતામણી, ભેદભાવ અને હિંસા સામે રક્ષણ:

Magnaની હેરાનગતિ અને ભેદભાવ નીતિઓ સાથે સુસંગત, અમે જાતિ, રાષ્ટ્રીયતા અથવા સામાજિક મૂળ, રંગ, જાતિ, ધર્મ, લિંગ ઓળખ, અપંગતા, લૈંગિક નિર્ધારણ અથવા લાગુ પડતા કાયદા દ્વારા ઓળખાયેલ કોઇપણ અન્ય સંરક્ષિત કારણના આધારે અમારા

કાર્યસ્થળોમાં હેરાનગતિ અથવા ભેદભાવને સહન કરીશું નહીં. અમારી પાસે એવી નીતિઓ છે જે કાર્યસ્થળની હિંસા અને દાદાગીરીને પ્રતિબંધિત કરે છે. અમારા કર્મચારીઓના જાહેરનામાના સિદ્ધાંતો અનુસાર, અમે પક્ષપાત અને કોઇપણ પ્રકારની શારીરિક, જાતીય, માનસિક અથવા મૌખિક દુર્વ્યવહારથી મુક્ત વાજબી અને આદરણીય કાર્યસ્થળોને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરીએ છીએ.

## બાળકોના અધિકારો:

અમે બાળ મજૂરીની નિંદા કરીએ છીએ અને બાળકોના શિક્ષણ, આરામ અને રમવા માટેના અધિકારનો આદર કરીએ છીએ. રોજગારી અથવા કામ પર પ્રવેશ માટે લઘુત્તમ વયના સંબંધમાં અમે બધા લાગુ આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક કાયદા અને નિયમનોનો આદર કરીએ છીએ.

## મુક્તપણે પસંદ કરાયેલ રોજગાર:

અમે જેલમાં મજૂરી, દેવાનું બંધન, હેરાફેરી અથવા ગુલામી જેવી તમામ જબરજસ્તી અથવા ફરજિયાત મજૂરીને નકારીએ છીએ. Magna પેટાકંપનીઓ ફરજિયાત શ્રમનો ઉપયોગ કરનાર આપૂર્તિકારો, ભરતી કરનારી અથવા સ્ટાફિંગ એજન્સીઓ સાથે કારોબારી ગોઠવણોમાં પ્રવેશ કરશે નહીં. Magna સ્વતંત્ર રીતે પસંદ કરેલા રોજગારના સિદ્ધાંતને માન આપે છે.

## આરોગ્ય અને સલામતી:

અમે એવા સલામત અને તંદુરસ્ત કાર્યસ્થળને જાળવી રાખીએ છીએ જે વ્યવસાયિક સલામતી અને આરોગ્ય માટે સંબંધિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂરા કરતી હોય અથવા તેનાંથી વધી જતા હોય. અમે નિયમિત ધોરણે અમારા ધોરણોની સમીક્ષા કરીએ છીએ અને વ્યાપક સુવિધા ઓડિટ અને નિરીક્ષણોની પ્રક્રિયા દ્વારા આ ક્ષેત્રમાં સતત સુધારણા માટે પ્રતિબદ્ધ છીએ.

## કામ કરવાની યોગ્ય પરિસ્થિતિઓ:

અમે અમારા કર્મચારીઓને યોગ્ય આરામ અને કાર્યવિરામના સમયના અધિકાર માટે માન્યતા આપીએ છીએ. અમે લાગુ ઉદ્યોગ પ્રણાલીઓમાં કામના વાજબી કલાકો પ્રદાન કરીએ છીએ જે અમારા કર્મચારીઓના આરોગ્ય અને સુખાકારીને સુરક્ષિત કરે છે. અમે કામના કલાકો, વિરામનો સમય, વેકેશન, રજાઓ અને ઓવરટાઇમના સંબંધમાં બધા લાગુ સ્થાનિક કાયદાઓ અને નિયમનોની જરૂરિયાતોનું પાલન કરવા અથવા તેના કરતાં વધુ કરવાનો પ્રયાસ કરીએ છીએ.

## બિન ભેદભાવપૂર્ણ વળતર પદ્ધતિઓ:

અમારા Magna કર્મચારીઓના ચાર્ટર સિદ્ધાંતો સાથે સુસંગત, અમે અમારા કર્મચારીઓને સ્પર્ધાત્મક વેતન અને લાભો પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છીએ જે ઉદ્યોગો અને જ્યાં અમે વ્યવસાય કરીએ છીએ તે સ્થાનિક મજૂર બજારોમાં આંતરિક નિષ્પક્ષતા અને બાહ્ય સ્પર્ધાત્મકતા માટેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે છે. આમાં કૌશલ્ય અને ક્ષમતા, લાયકાતો, કામગીરી પ્રદર્શન અને સેવાના સમયગાળા જેવા ઉદ્દેશ્ય અને બિન ભેદભાવના ધોરણોના આધારે કર્મચારીઓને વળતર આપવાનું સામેલ છે. અમારા વળતરની રીતો રાષ્ટ્રીય, રાજ્ય અને / અથવા સ્થાનિક કાયદા અને નિયમોને અનુરૂપ છે, જેમાં વિવિધ કરાર, શ્રમકરાર અને ટેરિફ આવશ્યકતાઓનો સમાવેશ થાય છે. દેશમાં ચોક્કસ વળતર સંબંધિત કાયદાકીય અને કરારજન્ય આવશ્યકતાઓના સંદર્ભમાં, અમે જાતિના આધારે ભેદભાવ વગર સમાન પગારના સિદ્ધાંતને ટેકો આપીએ છીએ.

## સંગઠનની સ્વતંત્રતા અને સદભાવના સામૂહિક સોદાબાજી:

સ્થાનિક કાયદાઓ અને નિયમનો અનુસાર, અને સંબંધિત અધિકારક્ષેત્રમાં લાગુ ઔદ્યોગિક સંબંધોના વ્યવહારોને ધ્યાનમાં રાખીને, અમે અમારા કર્મચારીઓની સ્વતંત્રતા અને પ્રતિનિધિત્વ કરવાના અધિકારને માન્યતા અને સન્માન આપીએ છીએ. અમે વધુમાં સ્વીકારીએ છીએ કે રજૂ થવાનો અધિકાર વ્યક્તિગત અધિકાર છે, જવાબદારી નથી, જેમાં, જો તે તેમની પસંદગી હોય અને કાર્યસ્થળના પક્ષકારો માટે આ મુદ્દા પર સ્વતંત્ર વાણીનો ઉપયોગ કરવાનો, રજૂ ન થવાનું સ્વંત્રતાથી નક્કી કરવાનો કર્મચારીઓના અધિકારનો સમાવેશ થાય છે. અમારા કર્મચારીઓના હકપત્ર સાથે સુસંગત હોય તે રીતે અમારા કર્મચારીઓના હિતોને પ્રોત્સાહિત કરવા માટે અમે કાયદેસર રીતે માન્ય પ્રતિનિધિઓ સાથે રચનાત્મક રીતે કામ કરીએ છીએ. સહકાર અને પરસ્પર આદરની ભાવનામાં સામૂહિક રીતે સોદાબાજી કરવા માટે અમે લાગુ સ્થાનિક કાયદાઓ અને નિયમનોનો આદર કરીએ છીએ.

## અમલીકરણ અને જવાબદારીઓ:

અમારા સંચાલક જૂથો અને વિભાગોમાં આ ધોરણો સાથે અમલીકરણ અને પાલન માટેની જવાબદારી Magnaના સંબંધિત જૂથો અને વિભાગોના વરિષ્ઠ સંચાલનમાં રહેલા છે. આ ધોરણો માટે કોર્પોરેટ દેખરેખ વિવિધ માનવ સંસાધન ઓડિટ અને નિરીક્ષણ પ્રક્રિયાઓ દ્વારા પૂરી પાડવામાં આવે છે. Magna બોર્ડ ઓફ ડિરેક્ટર, તેના કોર્પોરેટ ગવર્નન્સ, વળતર અને નામાંકન સમિતિ દ્વારા, આ ધોરણો સહિત કોર્પોરેટ સામાજિક જવાબદારી માટેના અમારા એકંદર અભિગમની દેખરેખ રાખે છે. અમે સમાન નીતિઓને અપનાવવા અને અમલ કરવા માટે અમારી સમગ્ર મૂલ્ય ચેઇન કારોબારી ભાગીદારો અને આપૂર્તિકારોને પ્રોત્સાહિત કરીએ છીએ.  અમે આ વૈશ્વિક શ્રમ ધોરણો સાથે સુસંગત રીતે તેમના વ્યવસાય અને બાબતોનું સંચાલન કરતા હોય તેવા કારોબારી ભાગીદારો અને આપૂર્તિકારોને ઓળખવા અને તેનો ઉપયોગ કરવા માંગીએ છીએ.

એવા કર્મચારીઓ કે જેઓ માને છે કે સારી રીતે સ્થાપિત આંતરિક ફરિયાદ પ્રક્રિયાઓ દ્વારા નીતિના ભંગની જાણ કરવાની ક્ષમતા ધરાવતા આ સિદ્ધાંતોનું ઉલ્લંઘન થયું હોઈ શકે છે, જે પ્રદેશ દ્વારા બદલાય છે. Magna કર્મચારીઓ માટે ઘણા બધા ચિંતાના ઉકેલ અને તપાસ કાર્યવાહી પૂરી પાડે છે, જેમાં અમારા કર્મચારીઓની ચાર્ટર ઓપન ડોર પ્રક્રિયા તેમજ આર્મ્સ લેંન્થ એમ્પ્લોઈ હોટલાઈનનો સમાવેશ થાય છે જે જ્યાં જરૂરી હોય ત્યાં, નિષ્પક્ષ તપાસ હાથ ધરવા માટે અને જરૂરી ઉપચારાત્મક પગલાં લાગુ કરવા માટે જવાબદાર છે. Magnaની પ્રતિકાર વિરોધી નીતિ સાથે સુસંગત, કોઇપણ કર્મચારી વિરુદ્ધ કોઈ પ્રતિકૂળ કાર્યવાહી કરવામાં આવતી નથી, જેમ કે કોઈ રિપોર્ટ કરે છે અથવા અન્યથા તપાસમાં સહકાર આપે છે.

## વધુ માહિતી માટે:

વધુ માહિતી માટે, કૃપા કરીને માનવ સંસાધનોના ગ્રૂપ વાઇસ પ્રેસિડેન્ટ, Magna ગ્લોબલ ડિરેક્ટર ઑફ લેબર રિલેશન્સ, અથવા Magnaના ચીફ હ્યુમન રિસોર્સ ઑફિસરની ઑફિસનો સંપર્ક કરો.

---

| | |
|---|---|
| Issued: | March 1, 2019 |
| Revised: | February 23, 2022 |
| Next Review: | Q1 2025 |
| Issued By: | Human Resources Legal & Labour Relations Department |
| Approved By: | Magna Compliance Council |